ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૪ જુલાઈ ૨૦૨૬

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

# આસપાસ ચોપાસ

## ચિખોદરા ટાઉન ટોક

### -: ચિખોદરા ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 3363 |
| કુલ વસ્તી | 15957 |
| કુલ પુરૂષો | 8269 |
| કુલ સ્ત્રીઓ | 7688 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 90.20 |
| પુરૂષ સાક્ષરતા દર | 94.97 |
| સ્ત્રી સાક્ષરતા દર | 85.12 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 585 |
| ખેત મજૂર | 2049 |
| સીમાંત વર્ગ | 586 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 541 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 1362 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 6030 |
| ગાય | 2288 |
| ભેંસ | 2387 |
| અન્ય | 1355 |

### -: જમીન ક્ષેત્રફળ :-

1289 હેક્ટર 67 આરે 76 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 20 હેક્ટર 79 આરે 40 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 09 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 2179 |

### -: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા 4247

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 4160 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 170 |
| ખેતી વિષયક જોડાણ | 60 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો 2207

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 1048 |
| BPL કાર્ડ ધારકો | 817 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 184 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-


| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 495 |
| વિધવા સહાય | 325 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 18 |




## સુવિધાઓથી સજધજતું સેમી અર્બન સેન્ટર ચિખોદરા



# ચિખોદરા : ઈતિહાસ, આર્થિક સધ્ધરતા, સામાજિક તાણાવાણા અને અનોખા વિકાસની સફર માટે પ્રેરણારૂપ છે




આણંદ જિલ્લાનું ચિખોદરા ગામ ગામઠી માટીની સુગંધ અને આધુનિકતાના સમન્વયથી સમગ્ર ચરોતરમાં આગવી ઓળખ ધરાવે છે. આણંદ શહેરના પાડોશમાં અને નેશનલ હાઈવે-૮ (NH-8)ની સાવ નજીક આવેલું આ ગામ સમૃદ્ધિ, સહકાર અને સંસ્કારની જીવંત સાક્ષી બનતું ગામ છે. ચીખોદરાના ઈતિહાસ, તેની આર્થિક સધ્ધરતા, સામાજિક તાણાવાણા અને તેના અનોખા વિકાસની સફર પણ રસપ્રદ છે

ચીખોદરાનું ભૌગોલિક સ્થાન તેના વિકાસનું સૌથી મોટું પ્રેરક બળ રહ્યું છે. આણંદ શહેરથી માત્ર ૪ કિલોમીટરના અંતરે આવેલું આ ગામ, વ્યૂહાત્મક રીતે સૌથી વ્યસ્ત એવા નેશનલ હાઈવે-૮ સાથે જોડાયેલું છે. આ કનેક્ટિવિટીના કારણે અમદાવાદ અને વડોદરા જેવા મહાનગરો અહીંથી સાવ નજીક લાગે છે. વાહનવ્યવહારની આ ઉત્તમ સુવિધાએ ચીખોદરાને ખેતી પ્રધાન ગામ સાથે સાથે એક ધમધમતું સેમી-અર્બન (અર્ધ-શહેરી) સેન્ટર બનાવી દીધું છે. તમાકુનું વૈશ્વિક હબ તરીકે ચરોતરની વાત નીકળે ત્યારે ચીખોદરા ગામ પણ તમાકુ ખેતી ક્ષેત્રે સમગ્ર પંથકમાં અગ્રેસર છે. અહીંની ફળદ્રુપ ગોરાડુ જમીન તમાકુના પાક માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. ચીખોદરા માત્ર તમાકુ પકવતું નથી, પણ તેનું મોટું પ્રોસેસિંગ હબ છે. ગામમાં ૩૪ જેટલી તમાકુની ખરીઓ (પ્રોસેસિંગ યુનિટ્સ) આવેલી છે.દરેક યુનિટ્સ માત્ર સ્થાનિક લોકોને જ નહીં, પણ આસપાસના અંતરિયાળ વિસ્તારો અને અન્ય રાજ્યોમાંથી આવતા શ્રમિકોને પણ મોટા પાયે રોજગારી પૂરી પાડે છે. કાચી તમાકુને લાવી, તેને સાફ કરી, ગ્રેડિંગ કરીને દેશ-વિદેશના બજારોમાં મોકલવાનો મોટો વેપાર અહીંથી થાય છે. આણંદ શહેરની ભૌગોલિક સીમાઓ હવે વિસ્તરી રહી છે અને તેની સૌથી મોટી પોઝિટિવ અસર ચીખોદરા પર પડી છે. આજે ચીખોદરા માત્ર ખેતી આધારિત ગામ નથી રહ્યું, પણ એક પોશ રેસિડેન્શિયલ એરિયા તરીકે ઉભરી આવ્યું છે. હાઈવેની નજીક હોવાને કારણે અહીં આધુનિક બંગલોઝ, ફ્લેટ્સ અને વીલાની સ્કીમો આવી ગઈ છે. આણંદ સમકક્ષ ગણાતા આ વિસ્તારમાં આજે મોટી હોસ્પિટલો, શોપિંગ કોમ્પ્લેક્સ અને હોટલો બની રહી છે. શાંત અને હરિયાળું વાતાવરણ શોધતા લોકો હવે ચીખોદરામાં સ્થાયી થવાનું વધુ પસંદ કરી રહ્યા છે. ટૂંકમાં કહીએ તો, ચીખોદરા એ પરંપરા અને આધુનિકતાના સેતુ પર ઊભેલું એક આદર્શ ગામ છે. એક તરફ જ્યાં ખરીઓમાં તમાકુનું પ્રોસેસિંગ અને ગાય-ભેંસોના દૂધની પરંપરાગત સુગંધ છે, તો બીજી તરફ હાઈ-ટેક બિલ્ડિંગો, અદ્યતન શાળાઓ અને વૈશ્વિક કનેક્ટિવિટી છે. સુખી સંપન્ન લોકો, ધાર્મિક સહિષ્ણુતા અને અવિરત વિકાસના કારણે ચીખોદરા ખરા અર્થમાં ચરોતરનું 'ગૌરવ' છે.

# દાતાઓની સખાવતથી ચિખોદરામાં પ્રવેશદ્વારથી લઈને શાળાઓ, સમાજવાડી, ધાર્મિક સ્થળોના વિકાસ

ચરોતરના અન્ય ગામોની જેમ ચીખોદરાના અનેક પરિવારો વર્ષો પહેલાં અમેરિકા, યુકે, કેનેડા અને આફ્રિકા સહિતના વિવિધ દેશોમાં સ્થાયી થયા છે.તો ઘણા પરિવારો દેશભરમાં વિવિધ શહેરોમાં વસવાટ કરે છે. દેશ વિદેશ પહોંચી વસવાટ કરવા છતાં વતનીઓએ પોતાના વતન સાથેનો લાગણીસભર સંબંધ આજે પણ જીવંત રાખ્યો છે. ગામના સર્વાંગી વિકાસ માટે તેઓ સમયાંતરે ઉદાર હાથે આર્થિક સહયોગ આપી રહ્યા હોવાથી ચીખોદરામાં આધુનિક સુવિધાઓનું માળખું સતત વિસ્તરી રહ્યું છે. દાતાઓની સખાવતના પરિણામે ગામના ભવ્ય પ્રવેશદ્વારનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે ચીખોદરાની આગવી ઓળખ બની રહ્યું છે. વિવિધ સમાજોની વાડીઓ અને સામુદાયિક હોલ નિર્માણ તથા આધુનિકીકરણથી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ બની છે. શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે શાળાઓમાં નવા વર્ગખંડો, આધુનિક સુવિધાઓ અને અપગ્રેડેશનના કાર્યો પણ દાતાઓના સહયોગથી સાકાર થયા છે.

**વિવિધ સમાજોની વાડીઓ અને સામુદાયિક હોલ નિર્માણથી સામાજિક અને સાંસ્કૃતિકકાર્યક્રમોમાટેઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ બની છે**

આ ઉપરાંત ગામના નાગરિકોને શુદ્ધ અને સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તે માટે પાણીની યોજનાઓને પણ ઉદાર સહાય આપવામાં આવી છે. ધાર્મિક આસ્થાના કેન્દ્રો એવા મંદિરો તથા અન્ય ધાર્મિક સ્થળોના નવ નિર્માણ અને જીર્ણોદ્ધાર માટે પણ દાતાઓએ નોંધપાત્ર યોગદાન આપ્યું છે, જેના કારણે ગામની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઓળખ વધુ મજબૂત બની છે.

ગામના વિકાસ માટે દેશ વિદેશમાં વસતા વતનીઓનો આ સહયોગ માત્ર આર્થિક મદદ પૂરતો સીમિત નથી, પરંતુ વતન પ્રત્યેના પ્રેમ, જવાબદારી અને સંસ્કારોનું જીવંત પ્રતિબિંબ છે. દાતાઓની સેવાભાવના અને સખાવતને કારણે ચીખોદરા આજે સુવિધાસભર અને પ્રગતિશીલ ગામ તરીકે નવી ઓળખ ઉભી કરી રહ્યું છે, જે સમગ્ર ચરોતર માટે પ્રેરણારૂપ બન્યું છે.

